# ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ,અમરેલી

કલેક્ટર કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં - ૦૨૭૯૨-૨૩૦૭૩૫, ફેક્સ નં - ૦૨૭૯૨-૨૨૧૬૦૦
ઈ-મેઈલ : dismgmt-amr@gujarat.gov.in


सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં.ડીઝા/વશી/કોરોના વાયરસ/૬૫૩ /૨૦૨૧ તા.૧૩/૦૪/૨૦૨૧.

વંચાણે લીધા:-
(૧) અત્રેની કચેરીના હુકમ નં.ડીઝા/વશી/કોરોના વાયરસ/૧૧૦/૨૦૨૧, તા.૦૭/૦૪/૨૦૨૧.
(૨) ગૃહ વિભાગ,ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૨/૦૪/૨૦૨૧.

**વિષય:- નોવેલ કોરોના વાયરસ (COVID-19) અંતર્ગત મેળાવડાઓ માર્ગદર્શિકા બાબત.**

**-:: હુકમ ::-**

૧.૦ હાલ વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ-૧૯ (COVID-19)ને વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O) દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે.ભારતમાં પણ કોરોના વાયરસ-૧૯ (COVID-19)ના કેસો વધુ નોંધાયેલ છે.જે અન્વયે ભારત સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૩/૨૦૨૦ થી લોકડાઉન જાહેર કરેલ હતું. ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા તા.૨૩/૦૩/૨૦૨૧ના રોજ બહાર પાડવામાં આવેલ નિર્દેશાનુંસાર કન્ટેઇનમેન્ટ ઝોનમાં તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી Lock down ની અવધી લંબાવવામાં આવી છે, તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સૂચનાઓ અનુસાર નિયત પ્રવુત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

૨.૦ વંચાણ ક્રમાંક-૧ ના અત્રેના હુકમથી નોવેલ કોરોના વાયરસ (COVID-19) અંતર્ગત મેળાવડાઓ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકાની મુદત તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી અમલમાં છે.

૩.૦ વંચાણ ક્રમાંક-૨ ના ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રીના તા.૧૨/૦૪/૨૦૨૧ના જાહેરનામાથી કોરોના સંક્રમણની હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજ્ય સરકારે નીચે મુજબ નિર્ણય કરેલ છે.

૩.૧ ૧૪.૦૪.૨૦૧૧ થી અમલમાં આવે તે રીતે લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦(પચાસ) થી વધુ વ્યક્તિઓ એકઠા થઇ શકશે નહિ.

૩.૨ <u>ફક્ત અમરેલી શહેરમાં</u> રાત્રિ કર્યુ અમલમાં હોય તે દરમિયાન લગ્ન સમારંભ યોજી શકાશે નહિ.

૩.૩ મૃત્યુના કિસ્સામાં અંતિમ વિધી / ઉત્તરક્રિયામાં ૫૦(પચાસ)થી વધારે વ્યક્તિ એકત્ર થઇ શકશે નહીં.

૩.૪ જાહેરમાં રાજકીય/ સામાજીક/ ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધિત રહેશે.

૩.૫ એપ્રિલ તથા મે માસ દરમ્યાન આવતા દરેક ધર્મના તહેવારો જાહેરમાં ઉજવી શકાશે નહીં તથા જાહેરમાં લોકો એકત્ર થઇ શકશે નહી. તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુટુંબ સાથે ઉજવવાના રહેશે.

DISTRICT MAGISTRATE AMRELI * GUJARAT STATE *

૩.૬ સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી રાખવાની રહેશે અથવા Alternate day કર્મચારીઓ ફરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ પડશે નહીં.

૩.૭ રાજ્યના તમામ ધાર્મિકસ્થાનો તા. ૩૦.૦૪.૨૦૨૧ સુધી જાહેર જનતા માટે બંધ રાખવા અપીલ કરવામાં આવે છે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધી ધાર્મિક સ્થાનોના સંચાલકો/પૂજારીશ્રીઓ દ્વારા મર્યાદિત લોકો સાથે કરવામાં આવે તે સલાહભર્યું છે. શ્રધ્ધાળુઓને પણ ધાર્મિસ્થાનોમાં પ્રત્યક્ષ દર્શન ન કરવા જવાની વિનંતી કરવામાં આવે છે.

૪.૦ ઉક્ત શરતો સિવાય અત્રેના વંચાણે લીધા હુકમ ક્રમાંક – ૧ ની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

૫.૦ અપવાદ:-

આ હુકમ ખાસ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા,મેડીકલ સ્ટોર, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ ખાસ હુકમથી જે કોઈ ને મુક્તિ આપવામાં આવેલ છે તેવા વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહી. કન્ટેઈનમેન્ટ ઝોનમાં ફરજ પરના કર્મચારીઓ/અધિકારીઓને સક્ષમ સત્તાધિકારી તરફથી આપવામાં આવેલ ઓળખ કાર્ડ સાથે રાખવાનું રહેશે.આ સિવાય અન્ય કોઈ ઓળખકાર્ડ/પાસની જરૂરિયાત રહેશે નહી.

૬.૦ શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮,નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે સબબની તકેદારી લગત અધિકાર ક્ષેત્રના મામલતદારશ્રી, લગત અધિકાર ક્ષેત્રના તાલુકા વિકાસ અધિકારીશ્રી, લગત અધિકાર ક્ષેત્રના પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી, લગત અધિકાર ક્ષેત્રના ચીફ ઓફિસરશ્રી તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીએ રાખવાની રહેશે.

(આયુષ ઓક)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમરેલી

નકલ રવાના:-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી.

(૨) પોલીસ અધિક્ષકશ્રી,અમરેલી.

(3) ઈન્સીડન્ટ કમાન્ડર -વ- સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી,............(તમામ)

(૪) નાયબ પોલીસ અધીક્ષકશ્રી (હેડકવાર્ટર),અમરેલી.

(૫) નાયબ માહિતી નિયામકશ્રી,અમરેલી.

૨/- સદરહુ હુકમની સ્થાનિક વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે બહોળી પ્રસિદ્ધી કરાવવા સારૂ.

(૬) મામલતદારશ્રી,......................(તમામ)

૨/- સબંધિત તાલુકા હેલ્થ ઓફિસરશ્રી સાથે સંકલનમાં રહીને સદરહુ હુકમની ચૂસ્ત અમલવારી કરવા સારું.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી,................(તમામ)

(૮) ચીફ ઓફિસરશ્રી,................(તમામ)

(૯) વેપારી એસોસિએશન (સબંધિત મામલતદારશ્રી મારફત)

(૭)–(૯): (મામલતદારશ્રી મારફત)